

# મ્યુચ્યુઅલ ફંડ

## બચતની નવી રીત

NJ MUTUAL FUND
BUILT ON RULES

AMFI




# એક સમયની વાત છે જ્યારે...

આ કથા છે સુરેશની જે મુંબઈ સ્થિત સોફ્ટવૅર કંપનીમાં છેલ્લા 5 વર્ષોથી કર્મચારી છે. સુરેશે પોતાનું આખું જીવન મુંબઈમાં જ વીતાવ્યું હોવાથી શહેરની બહાર જીવન શું છે એ તેને ખબર જ નથી. જોકે, છેલ્લા થોડાં મહિનાથી સુરેશને ખબર નહીં કેમ પણ ખેતી કરવાની પ્રબળ ઈચ્છા જાગી છે. પરિવાર સાથે નાસિકની તેની છેલ્લી ટ્રિપ દરમિયાન તેને દ્રાક્ષની ખેતી કરવાનો અને તેની પ્રક્રિયા કરતા એકમોને દ્રાક્ષ વેચીને પૈસા કમાવાનો વિચાર બહુ ગમી ગયો. એટલે સુરેશે તેનાં મર્યાદિત સ્રોત મારફત થોડાં દ્રાક્ષના દાણાં ખરીદ્યા અને દ્રાક્ષની ખેતી કરવાનું સાહસ કર્યું. પરંતુ અનુભવના અભાવે તેને મોટી આર્થિક નુકસાની થઈ. દ્રાક્ષની ખેતીમાં હાથ બાળ્યા પછી તેણે અનુભવ્યું કે ખેતી કરવી નકામી છે અને ખેડૂત તરીકે પૈસા કમાવવા એ શક્ય નથી.

**સુરેશની જેમ જ આપણાં માંથી અનેક લોકો પૂરી હકીકત જાણ્યા વગર જ થોડીઘણી સમજ સાથે ફાઈનાન્શિયલ માર્કેટ્સમાં રોકાણ કરીએ છીએ. અને પછી નિષ્ફળતાના અનુભવ અને અધૂરી સમજને લીધે આપણાં મનમાં અનેક ભ્રમણાઓ ઊભી થાય છે, જે આપણને એવાં માધ્યમો મારફત રોકાણ કરવા પ્રેરે છે જે કદાચ આપણાં પ્રોફાઈલ માટે સાનુકૂળ ન પણ હોય. પરિણામે આપણે ફાઈનાન્શિયલ માર્કેટ્સ વિશે આજીવન ખોટી માન્યતાઓ સેવીએ છીએ.**

મ્યુચ્યુઅલ ફંડમાં કરાતા રોકાણો બજારના જોખમોને આધીન છે.
કૃપા કરી રોકાણ કરતા પહેલા સ્કીમ ઈન્ફોર્મેશન ડોક્યુમેંટ અને સ્ટેટમેંટ ઑફ એડિશનલ ઈન્ફોર્મેશન કાળજીપૂર્વક વાંચી લો.



....સુરેશની વાત પર પાછા આવીએ, જો તેણે સમાન રુચિ ધરાવતા વધુ લોકોને સામેલ કર્યાં હોત અને ખેતીની સમજ ધરાવતા વ્યાવસાયિકની સેવા મેળવી હોત તો તેમના સંયુક્ત પ્રયાસો અને વ્યાવસાયિકની નિપૂણતાની મદદથી તેઓ સારું વળતર મેળવવાનું તેમનું સપનું સાકાર કરી શક્યા હોત. આ 'કલેક્ટિવ' ના સદસ્યો પાસેથી પૈસા મેળવીને અને તે પૈસા રોજિંદા કાર્યોનું સંચાલન કરવા વ્યાવસાયિકોને સોંપીને શક્ય થઈ શક્યું હોત. હકીકતમાં, સપનાના મૂલ્ય અનુસાર પૈસા મેળવી શકાયા હોત. એ જ રીતે, જો કેટલાંક લોકો લાંબા ગાળે રોકાણ વળતર મેળવવા ઈચ્છતા હોય તો તેમણે પૈસાનું રોકાણ કરીને તેમનાં લક્ષ્ય અને સમય મર્યાદાને અનુરૂપ યોગ્ય રોકાણ પસંદ કરવા જોઈએ. મ્યુચ્યુઅલ ફંડ્સ લોકો પાસેથી પૈસા મેળવે છે અને તેમનાં હેતુ અનુસાર તેનું રોકાણ કરે છે. અહીં યાદ રાખવાની બાબત એ છે કે આની પસંદગી તમારા લક્ષ્ય અને સમયસીમા પર અવલંબે છે.

# મ્યુચ્યુઅલ ફંડની વિચારધારા (કલ્પના)

**01**

સમાન આર્થિક હેતુઓ ધરાવતા રોકાણકારો તેમનાં નાણાંનું રોકાણ કરે છે.

**02**

રોકાણકારો રોકાણ કરેલી રકમ સામે સરેરાશ ધોરણે મ્યુચ્યુઅલ ફંડ યુનિટો મેળવે છે.

**03**

રોકાણકારો પાસેથી મેળવેલા નાણાં ફંડ મૅનેજર દ્વારા શૅર્સ, ડીબેન્ચર્સ અને અન્ય સીક્યોરિટીઝમાં રોકાણ કરવામાં આવે છે.

**04**

ફંડ મૅનેજર નફો કે નુકસાન પ્રાપ્ત કરે છે અને ડિવિડંડ અથવા વ્યાજની આવક મેળવે છે.

**05**

આ રીતે કરેલા રોકાણો માંથી મળતો કોઈ મૂડી લાભ અથવા નુકસાન રોકાણકારોને તેમનાં દ્વારા ધરાવાતા યુનિટોના અનુપાતમાં વહેંચી દેવામાં આવે છે.



**મ્યુચ્યુઅલ ફંડ્સ એ લોકો માટે શ્રેષ્ઠ સાધનો માંથી એક છે જેઓ તેમનાં રોકાણની કાળજી રાખવાની નિપૂણતા અથવા સમય નથી ધરાવતા.**

મ્યુચ્યુઅલ ફંડની કલ્પના એક સમાન હેતુને ધ્યાનમાં રાખી સ્રોતો ઊભા કરવા પર કાર્ય કરે છે. અન્ય શબ્દોમાં કહીએ તો મ્યુચ્યુઅલ ફંડ મોટી સંખ્યાના રોકાણકારો દ્વારા ભેગાં મળીને રોકાણ કરાયેલા નાણાં માંથી રચના પામે છે. તેમનાં નાણાં વ્યાવસાયિક (જેને ફંડ મૅનેજર કહેવાય છે) ને વિવિધ સ્ટૉક્સમાં અને/અથવા બૉન્ડ્સ/કમોડિટીઝ જેવાં અન્ય નાણાકીય જણસોમાં રોકાણ કરવા માટે આપવામાં આવે છે. દરેક મ્યુચ્યુઅલ ફંડ યોજનાનો હેતુ મ્યુચ્યુઅલ ફંડ કંપની એટલે કે એસેટ મેનેજમેન્ટ કંપની (એએમસી) દ્વારા સ્પષ્ટ અને સચોટ રીતે જણાવવામાં આવે છે. સરળ શબ્દોમાં કહીએ તો, મ્યુચ્યુઅલ ફંડને એવી કંપની તરીકે જોઈ શકાય છે જે લોકોના સમુહને સંગઠિત કરી તેમનાં નાણાં સ્ટૉક્સ, બૉન્ડ્સ અને અન્ય સીક્યોરિટીઝમાં રોકાણ કરે છે. દરેક રોકાણકાર યુનિટો ધરાવે છે, જે ફંડના અમુક ભાગના હોલ્ડિંગને દર્શાવે છે અને આ યુનિટો જે તે રોકાણકાર દ્વારા રોકાણ કરાયેલી રકમ પર આધારિત હોય છે.

# મ્યુચ્યુઅલ ફંડ : બચત એક નવા અવતારમાં

દરેક મ્યુચ્યુઅલ ફંડનું સંચાલન ફંડ મૅનેજર દ્વારા કરવામાં આવે છે, જેઓ તેમના રોકાણ સંચાલન કૌશલ્ય અને જરૂરી રિસર્ચ કાર્ય થકી રોકાણકાર પોતાની રીતે મેળવી શકે એના કરતા વધુ સારું વળતર મેળવવા સક્ષમ હોય છે. આ રોકાણો માંથી પ્રાપ્ત કરેલ મૂડી વૃદ્ધિ અને અન્ય આવકો રોકાણકારો (જેમને યુનિટધારકો પણ કહેવાય છે) ને તેમનાં દ્વારા ધરાવાતા યુનિટોના અનુપાતમાં વહેંચી દેવામાં આવે છે. **મ્યુચ્યુઅલ ફંડ્સ એ બચતની નવી રીત છે.** આવો, યુનિટોની આ કલ્પનાને આપણે વધુ સારી રીતે સમજીએ.

**મ્યુચ્યુઅલ ફંડ્સ એ રોકાણકારોના નાણાંને આવક મેળવવા કાર્યરત કરતું માધ્યમ છે, જે ફંડના રોકાણ હેતુઓ અને રોકાણકારની સહમતિ અનુસાર વિવિધ માર્કેટ્સ અને સીક્યોરિટીઝમાં રોકાણ કરે છે.**

# યુનિટ્સ. નાનું પરંતુ શક્તિશાળી માધ્યમ

યુનિટ, આની વ્યાપક વ્યાખ્યા અનુસાર આ એક્સચેંજના માનક તરીકે સામાન્ય રીતે સ્વીકૃત માત્રા છે. આવો, એક ઉદાહરણ સાથે આ સમજીએ, ધારો કે ચોકલેટના એક બૉક્સની કિંમત રૂ.40 છે. બૉક્સમાં એક ડઝન ચોકલેટ છે. ચાર મિત્રો આ ચોકલેટ લેવાનો નિર્ણય કરે છે પરંતુ તે દરેક પાસે માત્ર રૂ.10 છે. અને દુકાનદાર છૂટક વેચાણ ન કરતા માત્ર બૉક્સ જ વેંચે છે. આમ અન્ય શબ્દોમાં કહીએ તો 4 મિત્રોએ એક ડઝન ચોકલેટ ખરીદવા દરેકે રૂ.10 ફાળવ્યા. તેમણે કરેલા યોગદાન બદલ તેઓ દરેક 3 ચોકલેટ મેળવશે. અહીં આપણે એક ચોકલેટને એક યુનિટ તરીકે ગણીએ, 12 ચોકલેટની કિંમત રૂ.40 છે એટલે એક યુનિટ (ચોકલેટ)ની કિંમત રૂ.3.33 થશે.

દરેક મિત્રએ રૂ.10 ફાળવ્યા છે એટલે તેમણે 3 ચોકલેટ મેળવી છે એટલે કે 3 યુનિટ. એ જ રીતે, મ્યુચ્યુઅલ ફંડ્સમાં દરેક રોકાણકાર તેણે/તેણીએ રોકાણ કરેલી રકમ અનુસાર અમુક સંખ્યામાં યુનિટો મેળવે છે. અન્ય શબ્દોમાં કહીએ તો મ્યુચ્યુઅલ ફંડમાં દરેક રોકાણકાર મોટાં હિસ્સાનો આંશિક માલિક છે જે સંયુક્ત રીતે બધાં જ યુનિટ ધારકોની માલિકી ધરાવે છે.

**મ્યુચ્યુઅલ ફંડ એ શૅર્સ અથવા બોન્ડ્સનો વૈકલ્પિક રોકાણ વિકલ્પ નથી; તે અનેક રોકાણકારોની બચત ભેગી કરે છે અને આ રકમ શૅર્સ, બોન્ડ્સ, મની માર્કેટ ઈન્સ્ટ્રૂમેંટ્સ અને અન્ય પ્રકારની સીક્યોરિટીઝમાં રોકાણ કરે છે.**



એક રોકાણકાર તરીકે દરેક આ જ અપેક્ષા રાખે છે : વિશાળ માર્કેટમાં સહભાગ, વ્યાવસાયિક માર્ગદર્શન, સગવડતા, પારદર્શકતા અને જરૂર પડે ત્યારે બચતની પહોંચ. આવો, હવે આપણે મ્યુચ્યુઅલ ફંડ્સના વિવિધ લાભો પર નજર કરીએ અને કઈ રીતે મ્યુચ્યુઅલ ફંડ્સ એક આદર્શ રોકાણ બનવાની સંભાવના ધરાવે છે તે સમજીએ.

# આવો, લાભોની ગણતરી કરીએ.

## 1 પોર્ટફોલિયો ('ઈન્વેસ્ટમેંટ બાસ્કેટ' તરીકે વાંચો) ડાયવર્સિફિકેશન

વડીલો આપણને હંમેશા કહેતા કે 'તમારી બધી મૂડી એક જ જગ્યાએ ન રાખો', સરળ શબ્દોમાં કહીએ તો તમારું રોકાણ અલગ અલગ ઈન્વેસ્ટમેંટ બાસ્કેટમાં રાખો એટલે કે વિભાજિત કરો. વૈવિધ્યતાનો અર્થ છે નાણાંને અનેક વિવિધ પ્રકારના રોકાણોમાં વિભાજિત કરવા. એક રોકાણનું મૂલ્ય ઘટે ત્યારે અન્ય રોકાણનું મૂલ્ય વધી શકે છે. વૈવિધ્યપૂર્ણ રોકાણ ધરાવવાથી જોખમમાં ધરખમ ઘટાડો થાય છે. મ્યુચ્યુઅલ ફંડ્સ આ જ કરે છે. મ્યુચ્યુઅલ ફંડ્સ વિવિધ સીક્યોરિટીઝમાં રોકાણ કરે છે એટલે એક રોકાણકાર તરીકે તમે વૈવિધ્યપૂર્ણ ઈન્વેસ્ટમેંટ બાસ્કેટ મેળવી શકો છો, જે દ્વારા તમારી સલામતીમાં વધારો થાય છે અને જોખમ ઓછું રહે છે.

## 2 પ્રવાહિતા




કલ્પના કરો કે તમારી દીકરીના લગ્ન છે જેની માટે તમે લાંબા સમયથી રોકાણ કરતા આવ્યા છો અને આ રોકાણ પર સારું વળતર પણ મેળવી રહ્યા છો. જોકે, તમને આની જરૂર હોય એ જ દિવસે તમારા પૈસા તમે પાછા નથી મેળવી શકતા. ઉચ્ચ વળતર પણ કોઈ કામનું નથી જો અગર તમે જરૂર પડે ત્યારે તેનો ઉપયોગ ન કરી શકતા હો. ખરેખર તો આપણે બધાં જ 'આવશ્યકતા' હોય ત્યારે પૈસા 'મેળવવા' માગીએ છીએ. આને જ પ્રવાહિતા કહેવાય છે કેમ કે આપણે જરૂર પડે ત્યારે આપણી બચત આપણને ઉપલબ્ધ રહે એમ ઈચ્છીએ છીએ. મ્યુચ્યુઅલ ફંડ્સ આપણને આ સગવડ – પ્રવાહિતા પૂરી પાડે છે.

## 3 ઓછું જોખમ

આપણે આગળ ચર્ચા કરી કરી તેમ વૈવિધ્યતા જોખમમાં વ્યાપક ઘટાડો કરે છે. જોકે, ફંડ મૅનેજર કોઈ રોકાણ ખરીદવા અથવા વેચવાનો નિર્ણય કરે છે ત્યારે તેઓ સૌ પ્રથમ તેમાં રહેલા જોખમ અને વળતરને જ જુએ છે. રોકાણના અન્ય કોઈ પ્રત્યક્ષ પ્રકારની તુલનાએ એકત્રિત કરવાની કલ્પનાને લીધે જોખમનો ફેલાવો થઈને તેમાં વ્યાપક ઘટાડો થાય છે.

## 4 ઓછો ટ્રાન્ઝેક્શન ખર્ચ

આપણે બધાં જ સમજીએ છીએ કે આપણે હોલસેલમાં કોઈ વસ્તુ ખરીદીએ ત્યારે છૂટક કિંમતની તુલનાએ આપણને તે સારા ભાવમાં મળે છે. આમ, અનેક લોકો તેમની બચત ભેગી કરીને તેમના વતી લેતી – દેતી કરવા મ્યુચ્યુઅલ ફંડને આપે છે ત્યારે મ્યુચ્યુઅલ ફંડ્સને ભાવતાલ (બાર્ગેન) કરવાની શક્તિ મળે છે પરિણામે એકંદર ટ્રાન્ઝેક્શન ખર્ચમાં ઘટાડો થાય છે જે આપણે જાતે ખરીદવા ગયા હોત તો કદાચ આપણે વધારે ભોગવવો પડત.

## 5 વ્યાવસાયિક સંચાલન

શું આપણાં વાળ આપણે ઘરે કાપીએ છીએ? આનો જવાબ ‘ના’ જ હોઈ શકે. આપણે વાણંદ પાસે જઈએ છીએ જેઓ વાળ કાપવામાં નિષ્ણાત હોય છે, કેમ કે આપણે બધાં જ જાણીએ છીએ કે વાણંદ આપણા કરતા ઘણું સારું કામ કરી શકે છે. એ જ રીતે, મ્યુચ્યુઅલ ફંડ્સમાં પણ તમારા નાણાંનું સંચાલન વ્યાવસાયિક ફંડ મૅનેજર દ્વારા કરાય છે, જેઓ સઘન સંશોધન અને માર્કેટના વલણની સમજ ધરાવવા સાથે ફંડ્સનું સંચાલન કરવાની નિપૂણતા ધરાવે છે.

## 6 યોજનાઓની પસંદગી




આપણે અનેક કારણોસર બચત/રોકાણ કરીએ છીએ; કેટલાંક લોકો થોડાં વર્ષ પછી પોતાનું ઘર ખરીદવા કે પછી આજથી 10 વર્ષ પછી દીકરીના લગ્ન માટે અથવા તો 20 વર્ષ પછી પોતાની નિવૃત્તિ માટે બચત/રોકાણ કરતા હોય છે. જોકે, દરેક રોકાણનો હેતુ અલગ હોવાથી ‘એક-સાઈઝ-ફિટ્સ-ઑલ’ ની વિચારધારા અહીં કામ નહીં લાગે. આ રીતે, રોકાણના હેતુ અને સમય સીમા આધારે વ્યક્તિ મ્યુચ્યુઅલ ફંડ યોજનાઓના ગુલદસ્તા માંથી મનગમતી પસંદગી કરી શકે છે.

## 7 પારદર્શકતા અને સુરક્ષિતતા


તમારી બચત તમે કોઈને સોંપો છો ત્યારે તમારા નાણાંનું શું થઈ રહ્યું છે એ તમે જાણવા નહીં ચાહો? ચોક્કસ તમે એ જાણવા ઈચ્છશો. કેમ કે આ તમારા નાણાં છે અને તેના વિશે જાણવાનો તમને પૂરો અધિકાર છે. મ્યુચ્યુઅલ ફંડ્સના કિસ્સામાં નાણાંનું સંચાલન વ્યાવસાયિક ફંડ મૅનેજરો દ્વારા કરાય છે અને આ પ્રણાલી અત્યંત પારદર્શક છે. અન્ય શબ્દોમાં કહીએ તો તમારા નાણાં ક્યાં જઈ રહ્યાં છે એની તમને રજેરજ જાણકારી મળે છે. આ રીતે, પારદર્શકતા તમને આપમેળે જ સુરક્ષાની અનુભૂતિ કરાવશે. પારદર્શકતા ભરી પ્રણાલીને લીધે તમે દરેક બાબત વિશે જાણી શકો છો (જેમ કે તમારી બચત શેમાં રોકવામાં આવી છે, કેટલી રોકવામાં આવી છે ઈત્યાદિ) અને જો તમને તે યોગ્ય ન લાગતું હોય તો તમારી બચત તમે પાછી ઉપાડી શકો છો અને આમ તેને સુરક્ષિત પણ રાખી શકો છો.

## 8 લવચિકતા

દરેક વ્યક્તિની કમાવવાની અને ખર્ચ કરવાની પદ્ધતિ એક સરખી નથી હોતી. એક વેપારી અને પગારદાર વ્યક્તિના કિસ્સામાં આવકનો પ્રવાહ અલગ જ રહેવાનો. આમ, રોકાણ માધ્યમ/બાસ્કેટ પણ લવચિક હોવું જોઈએ અને રોકાણકારને તેની આવક પ્રમાણે રોકાણ કરવાની તક પૂરી પાડતું હોવું જોઈએ. નાણાંની જરૂરિયાતના કિસ્સામાં પણ આ વાત સો ટકા સાચી છે. આપણે આગળ ચર્ચા કરી તેમ જુદા જુદા રોકાણ હેતુઓ ધરાવતા લોકો તેમની જરૂરિયાત પ્રમાણે નાણાં ઉપાડ કરવા ઈચ્છશે. દાખલા તરીકે, કોઈ નિવૃત્તિ માટે રોકાણ કરતું હોય છે પરંતુ ઘરે અચાનક આવી પડેલા ભારે તબીબી ખર્ચાને લીધે તેણે તાત્કાલિક પૈસા ઉપાડવાની ફરજ પડી શકે છે.
આવા સમયે રોકાણ લવચિકતા ભર્યું હોવું જોઈએ જેથી આવી આકસ્મિક જરૂરિયાતો સંતોષી શકાય. મ્યુચ્યુઅલ ફંડ્સ રોકાણ અને ઉપાડ બંને વખતે લવચિકતા પૂરી પાડે છે, જે તેને તમારા માટે રોકાણની સાચી અને શ્રેષ્ઠ પસંદગી બનાવે છે.



જો તમે ઉપર જણાવેલા અનેક મુદ્દાઓમાં દેખાઈ આવતી મહત્વની વાત પર ધ્યાન આપ્યું હોય તો એ છે દરેક તબક્કે મળતી સગવડતા. અન્ય શબ્દોમાં કહીએ તો, તમે તમારા લક્ષ્ય/હેતુઓ નક્કી કરો એ સમયથી વાસ્તવિક રોકાણ અને તમે રોકાણ જાળવી રાખ્યું હોય એ દરમિયાન અને તમે ઉપાડ કરો ત્યાં સુધી દરેક તબક્કે તમારી સગવડતાની પૂરી કાળજી લેવામાં આવી છે. આવો, આપણે આ મુદ્દાને વધુ ઉંડાણપૂર્વક સમજીએ. તમે તમારા હેતુઓ નક્કી કરી લો પછી તમે ઑનલાઈન અથવા ઑફલાઈન રોકાણ કરવાનું પસંદ કરી શકો છો, એ જ રીતે ઉપાડ કરતી વખતે પણ તમે આ બંને માંથી જોઈએ તે રીત પસંદ કરી શકો છે. આ પુસ્તિકાના ઉત્તરાર્ધમાં આપણે આની વિગતવાર ચર્ચા કરીશું.



# ભ્રમણા

મ્યુચ્યુઅલ ફંડ્સ નિષ્ણાતો માટે છે.

# હકીકત


ખરેખર તો આ તદ્દન ઉલ્ટું છે. ઈક્વિટી માર્કેટથી વિપરીત તમારે શૅર્સ ક્યારે ખરીદવા અથવા વેંચવા એનું અનુમાન નથી કરવું પડતું. ફંડ મૅનેજર તમારા માટે આ કામ કરે છે. વિવિધ સેક્ટર્સ અને કંપનીઓને ટ્રેક કરવાનું તેમ જ તમે અને અન્ય રોકાણકારોએ આપેલા નાણાં ક્યાં રોકાણ કરવા તે નિર્ણય કરવાનું કામ તેનું છે.

કૃપા કરી વધુ કોઈપણ વિગતો માટે તમારા નજીકના મ્યુચ્યુઅલ ફંડ કાર્યાલય/ફાઈનાન્શિયલ ડિસ્ટ્રિબ્યુટર (બૅન્ક/વ્યક્તિગત ફાઈનાન્શિયલ સલાહકાર ઈત્યાદિ) નો સંપર્ક કરો.

# યાદ રાખો : આંકડાંઓ પહેલા લક્ષ્યને

અત્યાર સુધી તમે જોયું હશે કે અમે લક્ષ્ય અને તેને રોકાણ સાથે જોડવા વિશે ઘણી વાતો કરી છે. ધારો કે તમને અઢળક પૈસા આપવામાં આવ્યાં છે પરંતુ તમને તે શેનાય પર અથવા તમારા લક્ષ્ય પર ખર્ચ કરવાની પરવાનગી નથી, તમે ન તો તેનું રોકાણ કરી શકો છો કે ન કોઈને તે આપી શકો છો કે ધર્માદો કરી શકો છો. તો પછી શું આ પૈસા તમને કોઈ કામના છે? બરાબર છે, આ પૈસા તેની પથારી બનાવીને તેના પર સૂવાના કે પછી પૈસાના બંડલોને રૂમનું પાર્ટિશન બનાવવા સિવાય કોઈ કામના નથી. ખેર, મુદ્દાની વાત એ છે કે માનવી તરીકે આપણાં માટે આંકડાં નહીં પરંતુ લાગણીઓ મહત્વની છે. દાખલા તરીકે, તમારા પરિવાર સાથે તમે જ્યારે પણ રેસ્ટોરાંમાં જાઓ ત્યારે જમતી વખતે તેમનાં ચહેરા પર છલકતો આનંદ જ તમારા માટે મહત્વનો હોય છે. ભોજન/રેસ્ટોરાંના ઠાઠ ઈત્યાદિ પર ખર્ચેલા પૈસાને જોઈ કોઈને આનંદ નથી મળતો.

**એક વાત સ્પષ્ટ સમજી લઈએ કે માનવી તરીકે આપણે વળતરને ન પણ સમજી શકીએ અને આંકડાંને પણ કદાચ આપણે ન સમજી શકીએ. પરંતુ તેની સાથે સંકળાયેલા લક્ષ્યને આપણે ચોક્કસ સમજીએ છીએ. દાખલા તરીકે, જો તમે તમારા બાળકના શિક્ષણ માટે બચત/રોકાણ કરી રહ્યા હો તો તમારા માટે જરૂર પડે ત્યારે પૈસા ઉપલબ્ધ રહેશે કે કેમ અને શું તે પૂરતા હશે એ જ મહત્વનું હોય છે. આમ, સૌ પ્રથમ તમારા લક્ષ્યની કલ્પના કરવી અને પછી રોકાણના નિર્ણય કરવાથી આ લક્ષ્ય સાકાર કરવામાં તમને સહાયતા રહેશે.**



આવો, હવે આપણે એ સમજીએ કે સરેરાશ ભારતીય શા માટે રોકાણ/બચત કરે છે. લોકો તેમનાં પૈસા સેવિંગ્સ બૅન્ક અકાઉન્ટમાં ટૂંકા ગાળાની જરૂરિયાતો માટે રાખતા હોય છે કેમ કે તેમનો મૂળ હેતુ મૂડી સુરક્ષિત રાખવાનો હોય છે. આના પછી લોકો ફિક્સ્ડ ડિપૉઝિટ અથવા પોસ્ટ ઑફિસ સ્કીમોમાં રોકાણ કરે છે જેથી વળતર મેળવી શકાય અને રોકાણનું ત્રીજું સામાન્ય માધ્યમ છે રીઅલ એસ્ટેટ અને સોનું, જેમાં રોકાણનો મુખ્ય હેતુ મૂડી વૃદ્ધિનો હોય છે. વ્યાપક અર્થમાં કહીએ તો જ્યારે પણ તમે બચત/રોકાણ કરો છો ત્યારે તે નીચેના માંથી કોઈપણ કારણસર હોય છે :

1) મૂડી સુરક્ષિત રાખવા
2) આવક મેળવવા
3) મૂડી વૃદ્ધિ કરવા


શ્રેષ્ઠ બાબત એ છે કે ઉપર જણાવેલ ત્રણેય સંભાવનાઓ માટે મ્યુચ્યુઅલ ફંડ બંધ બેસતું માધ્યમ છે. આને આપણે વિસ્તઅત છતા સરળ રીતે સમજીએ. મ્યુચ્યુઅલ ફંડ્સ તેનાં માળખા, બંધારણ, રોકાણ હેતુ ઈત્યાદિ આધારે વિવિધ પ્રકારના હોય છે. આ તફાવતો વિવિધ રોકાણ જરૂરિયાતો પૂરી કરે છે.

# રોકાણ હેતુઓ

| | | | |
|---|---|---|---|
| મૂડી સુરક્ષિત રાખવા | સેવિંગ્સ બૅન્ક અકાઉન્ટ | પીપીએફ | મ્યુચ્યુઅલ ફંડ |
| આવક મેળવવા | ફિક્સ્ડ ડિપૉઝિટ | પીઓ-એમઆઈએસ | મ્યુચ્યુઅલ ફંડ |
| મૂડી વૃદ્ધિ કરવા | રીઅલ એસ્ટેટ | સોનું | મ્યુચ્યુઅલ ફંડ |

કૃપા કરી વધુ કોઈપણ વિગતો માટે તમારા નજીકના મ્યુચ્યુઅલ ફંડ કાર્યાલય/ફાઈનાન્શિયલ ડિસ્ટ્રિબ્યુટર (બૅન્ક/વ્યક્તિગત ફાઈનાન્શિયલ સલાહકાર ઈત્યાદિ) નો સંપર્ક કરો.

# તમારી પસંદગી શું છે?



ધારો કે સુરેશ દર મહિનાની 30મી તારીખે તેનો પગાર મેળવે છે અને તેના પગારના 40% તે હાઉસિંગ લોનના ઈએમઆઈ તરીકે ચુકવે છે અને તેનાં ઈએમઆઈની તારીખ છે દર મહિનાની 10મી તારીખ અથવા તો કંટીન્જન્સી ફંડ જે સુરેશ હંમેશા તેના સેવિંગ્સ બૅન્ક અકાઉન્ટમાં જાળવી રાખે છે. આ પૈસા બૅન્કમાં પડ્યા રહે છે અને તેને દ.વ. 4% જેટલું નજીવું વ્યાજ અપાવે છે; જોકે, સુરેશને તેના નાણાં પર પ્રવાહિતા અને સુરક્ષિતતા સાથે બહેતર વળતર મેળવવાનો વિકલ્પ આપવામાં આવે કે જે ખૂબ મહત્વના છે તો સુરેશ ચોક્કસ તેના માટે રાજી થશે. આ રીતે, જો તમે ઘણી ટૂંકી મુદત માટે રોકાણ કરવા માગતા હો તો સામાન્ય રીતે તમે સેવિંગ્સ બૅન્ક અકાઉન્ટમાં જે નાણાં રોકો છો તે તમે લિક્વિડ મ્યુચ્યુઅલ ફંડ તરીકે ઓળખાતા મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ કરી શકો છો.

## લિક્વિડ મ્યુચ્યુઅલ ફંડ્સ :

આપણે આર્થિક સંદર્ભમાં શબ્દ 'પ્રવાહિતા' ને સમજવા પ્રયત્ન કરીએ ત્યારે તેનો અર્થ એવી અસ્ક્યામત થાય છે જે રોકડા રૂપિયા સમાન છે. લિક્વિડ મ્યુચ્યુઅલ ફંડ્સ ઓછા જોખમી હોય છે અને સેવિંગ્સ અકાઉન્ટ કરતા વધારે વળતર પૂરું પાડે છે. આ ફંડ્સ ઓછું જોખમ ધરાવતા રોકાણ માધ્યમોમાં રોકાણ કરે છે. હવે આપણે રોકાણના અન્ય હેતુ એટલે કે 'આવક મેળવવા' વિશે વિચાર કરીએ. અગાઉ ચર્ચા કરી તેમ, આપણાં માંથી ઘણાં કાં તો ફિક્સ્ડ ડિપૉઝિટમાં અથવા તો પોસ્ટ ઑફિસ સેવિંગ્સ સ્કીમ્સમાં રોકાણ કરશે. તેમને પૂછવામાં આવે કે 'લોકો અહીં શા માટે રોકાણ કરે છે?' તો એક સરળ જવાબ એ જ મળે છે કે આ ઘણાં સુરક્ષિત છે અને સારું વળતર પણ આપે છે; ભલે પછી આ પૈસા વ્યક્તિને અત્યાવશ્યકતામાં જરૂરી બનવા છતા ન મળી શકતા હોય. વાસ્તવમાં અગાઉ જણાવ્યા મુજબ અહીં જરૂરિયાત એક એવા રોકાણ માધ્યમની છે જે સુરક્ષિત હોવા સાથે સારું વળતર પણ પૂરું પાડે. આ શ્રેણીમાં શ્રેષ્ઠ પસંદગી ડેબ્ટ મ્યુચ્યુઅલ ફંડ બની રહેશે.


# રોકાણ હેતુઓ

| | | | |
|---|---|---|---|
| મૂડી સુરક્ષિત રાખવા | સેવિંગ્સ બૅન્ક અકાઉન્ટ | પીપીએફ | લિક્વિડ ફંડ |
| આવક મેળવવા | ફિક્સ્ડ ડિપૉઝિટ | પીઓ–એમઆઈએસ | ડેબ્ટ ફંડ |
| મૂડી વૃદ્ધિ કરવા | રીઅલ એસ્ટેટ | સોનું | ઈક્વિટી ફંડ |

## ડેબ્ટ મ્યુચ્યુઅલ ફંડ્સ :

ડેબ્ટ મ્યુચ્યુઅલ ફંડ્સ એ ઓછા જોખમી ફંડ્સ છે. તેનો હેતુ તમારી મૂડી સુરક્ષિત રાખવા સાથે સ્થાયી આવક મેળવવાનો હોય છે; આ એવી વિશેષતા છે જે તમારા ઈન્વેસ્ટમેંટ પોટફોલિયોને સ્થિરતા પૂરી પાડવામાં સહાયક બને છે. આમ છતા, બધાં જ મ્યુચ્યુઅલ ફંડ્સ થોડું જોખમ ધરાવે છે અને આ લિક્વિડ ફંડ્સ કરતા વધારે જોખમી પરંતુ ઈક્વિટી ફંડ્સ કરતા ઓછાં જોખમી હોય છે. આ સામાન્ય રીતે ગવર્મેન્ટ બોન્ડ્સમાં રોકાણ કરે છે અને નિશ્ચિત વ્યાજ દર સામે કૉર્પોરિટ્સ (વિશાળ સંસ્થાઓ)ને નાણાં ઉછીના પણ આપે છે. એટલે જો તમે મધ્યમ સમયાવધિ માટે લિક્વિડ ફંડ્સ કરતા ઉચ્ચ વળતર મેળવવા માગતા હોય તો ડેબ્ટ મ્યુચ્યુઅલ ફંડ્સમાં રોકાણ કરવું તમારા માટે આદર્શ બની રહેશે.

**ડેબ્ટ : આનો અર્થ છે નિશ્ચિત વળતર દરે (વ્યાજ દરે) નાણાં ઉછીના આપવા/ લેવા. આમ, ડેબ્ટમાં રોકાણનો અર્થ છે નિશ્ચિત વ્યાજ દરે કંપનીઓ અથવા સરકારને નાણાં ઉછીના આપવા.**





## ઈક્વિટી મ્યુચ્યુઅલ ફંડ્સ :


ઈક્વિટી ફંડ્સ અન્ય પ્રકારના ફંડ્સ કરતા વધુ જોખમી મનાય છે, પરંતુ તે અન્ય ફંડ્સ કરતા વળતર પણ વધારે પૂરું પાડે છે. આ ફંડ્સ કંપનીઓની ઈક્વિટીમાં  રોકાણ કરશે એટલે કે શૅર્સ ખરીદશે (આંશિક માલિકી). આમ, કંપનીના માલિક તરીકે નફો કંપનીની કામગીરી સાથે સંકળાયેલો રહેશે. અન્ય શબ્દોમાં કહીએ તો અહીં જોખમ વધુ રહે છે. જોકે, વૈવિધ્યતાને લીધે એટલે કે અનેક કંપનીઓમાં રોકાણ કરવાથી જોખમ ઘટી જાય છે. ઉપરાંત, લાંબા ગાળે જોખમ ફેલાઈ જાય છે અને વળતરમાં થતી વધઘટ બરાબર થઈ જાય છે. એ સલાહભર્યું છે કે મૂડી વૃદ્ધિ મારફત સંપત્તિ નિર્માણ કરવા ઈચ્છતા રોકાણકારે લાંબા ગાળાની મુદત સાથે ઈક્વિટી ફંડમાં રોકાણ કરવું જોઈએ. અને ઈતિહાસ દર્શાવે છે કે એક રોકાણ તરીકે ઈક્વિટીએ રોકાણના અન્ય દરેક વર્ગ કરતા શ્રેષ્ઠ કામગીરી દર્શાવી છે.

જોકે, અગાઉ ચર્ચા કર્યા પ્રમાણે મ્યુચ્યુઅલ ફંડ્સ દરેક પ્રકારના રોકાણકારો માટે ઉપલબ્ધ છે, આમ ઈક્વિટીઝ તેમ જ ડેબ્ટ બંને મ્યુચ્યુઅલ ફંડ્સમાં રોકાણ કરવા ઈચ્છતા રોકાણકાર માટે હાઈબ્રિડ મ્યુચ્યુઅલ ફંડ્સ તરીકે ઓળખાતા ફંડ્સની શ્રેણી પણ ઉપલબ્ધ છે.

**ઈક્વિટીઃ ઈક્વિટી ધરાવવાનો અર્થ છે કંપનીમાં ભાગીદાર બનવું અને ભાગીદારનો નફો અમર્યાદિત હોઈ છે જોકે નુકસાન પણ અમર્યાદિત હોય છે. આમ, ઈક્વિટી ઈન્વેસ્ટમેંટ્સ ઉચ્ચ જોખમ ઉચ્ચ વળતરની શ્રેણીમાં આવે છે.**

## હાઈબ્રિડ મ્યુચ્યુઅલ ફંડ્સ :

નામ સૂચવે છે તેમ આ ડેબ્ટ અને ઈક્વિટી ફંડ્સનું મિશ્રણ છે, અન્ય શબ્દોમાં કહીએ તો હાઈબ્રિડ ફંડ્સ એ ફંડ્સ છે જેના પોર્ટફોલિયોમાં ઈક્વિટી, ડેબ્ટ અને મની માર્કેટ સીક્યોરિટીઝનું મિશ્રણ હોય છે. ઈક્વિટી અને ડેબ્ટના મિશ્રણ આધારે હાઈબ્રિડ ફંડ્સના પણ વિવિધ પ્રકાર હોય છે. તમારી જોખમ ખમવાની ક્ષમતા અનુસાર તમારા પોર્ટફોલિયોમાં તમે હાઈબ્રિડ મ્યુચ્યુઅલ ફંડ્સ સામેલ કરવાનું વિચારી શકો છો. આ પ્રકારના ફંડ્સ 100% ઈક્વિટી ફંડ્સ કરતા ઓછા જોખમી રહેશે જે તેમાં રહેલા ડેબ્ટ ફંડના ઘટક દ્વારા પૂરી પડાતી સેફ્ટી નેટને લીધે શક્ય બને છે જે આ પ્રકારના મ્યુચ્યુઅલ ફંડ્સનો હિસ્સો પણ છે. મ્યુચ્યુઅલ ફંડ્સની કલ્પના અને મ્યુચ્યુઅલ ફંડ્સના પ્રકારને સમજી લીધાં પછી ક્યાંથી અને કેવી રીતે ખરીદવા એ વિશે ચર્ચા કરતા પહેલા સમજવાની રહેતી વધુ એક કલ્પના છે એનએવી.



# ભ્રમણા

મ્યુચ્યુઅલ ફંડ એ ઈક્વિટી પ્રોડક્ટ છે.

# હકીકત


લોકો ફંડ્સ વિશે વિચારે ત્યારે તેઓ માત્ર ઈક્વિટી ફંડ્સ વિશે જ વિચારે છે પરંતુ હકીકત એ છે કે મ્યુચ્યુઅલ ફંડ એવું વાહન છે જે કોઈપણ યાત્રીને પ્રવાસ કરાવી શકે છે. ઈક્વિટી મ્યુચ્યુઅલ ફંડ્સ સ્ટોક માર્કેટ્સના શૅર્સ ખરીદશે જ્યારે ડેબ્ટ મ્યુચ્યુઅલ ફંડ્સ ડેબ્ટ પ્રોડક્ટ્સ ખરીદશે જેવાં કે ગવર્મેન્ટ બોન્ડ્સ, કૉર્પોરેટ ડીબેન્ચર્સ અને ટ્રેઝરી બિલ્સ. દરેક પ્રકારના ફંડનું જોખમ બસમાં બેઠેલા યાત્રી પર આધારિત રહે છે.

# નેટ એસેટ વેલ્યૂ



એનએવી એ નેટ એસેટ વેલ્યૂનું ટૂંકું સ્વરૂપ છે. જેમ દરેક શૅર એક કિંમત ધરાવે છે એ જ રીતે દરેક મ્યુચ્યુઅલ ફંડ યુનિટ પણ એનએવી ધરાવે છે. અન્ય શબ્દોમાં, એનએવી ફંડની યુનિટ દીઠ માર્કેટ વેલ્યૂ દર્શાવે છે. આ એ કિંમત છે જે આધારે રોકાણકારો ફંડના યુનિટો ખરીદે અને વેચે છે. મ્યુચ્યુઅલ ફંડ્સના પરિપ્રેક્ષ્યમાં અસ્ક્યામત (એસેટ) નું મૂલ્ય ફંડના પોર્ટફોલિયોનું કુલ મૂલ્ય ઓછા જવાબદારીઓ બરાબર હોય છે. એસેટનું આ મૂલ્ય બાકી રહેતા યુનિટોની સંખ્યા દ્વારા વિભાજિત કરતા તેને જે તે ફંડની એનએવી તરીકે ઓળખવામાં આવે છે. આ એનએવી સામાન્ય રીતે દૈનિક ધોરણે ગણતરી કરવામાં આવે છે.

એનએવી ફંડ દ્વારા કોઈ એક દિવસે ધરાવાતા શૅર્સ/બોન્ડ્સ/સીક્યોરિટીઝનું માર્કેટ મૂલ્ય દર્શાવે છે. ફંડ તેના પોર્ટફોલિયોમાં અનેક શૅર્સ ધરાવતા હોવાથી એનએવી પોર્ટફોલિયોનું માત્ર સંયુક્ત વળતર જ દર્શાવી શકે છે. તમે જેમાં રોકાણની યોજના કરી રહ્યા છો એ સ્કીમની એનએવી રૂ.15 હોય કે પછી રૂ.150 એ મહત્વનું નથી. જો એકંદર ઈન્વેસ્ટમેંટ હોલ્ડિંગ્સમાં 10% વધારો થાય તો રૂ.15ની એનએવી વધીને રૂ.16.5 થશે જ્યારે રૂ.150ની એનએવી વધીને રૂ.165 થશે. એટલે તમે રોકાણ કરેલી એનએવી પર તમારું રોકાણ તમને 10% વળતર અપાવશે. એટલે 'ઓછી' એનએવી અને યુનિટોની વધુ સંખ્યા પર ધ્યાન કેન્દ્રિત ન કરતા અન્ય પરિબળોને ધ્યાનમાં લેવા ઉચિત રહેશે (જેમ કે પર્ફોર્મન્સ ટ્રેક રેકૉર્ડ, ફંડ મેનેજમેન્ટ, વોલેટિલિટી), જે પોર્ટફોલિયો વળતર નક્કી કરે છે. ઉચ્ચ એનએવી ધરાવતું ફંડ ઓછી એનએવી ધરાવતા ફંડની તુલનાએ ઉચ્ચ વળતર આપી શકે છે, જો અગર તેનું હોલ્ડિંગ્સ (શૅર્સ, બોન્ડ્સ, સીક્યોરિટીઝ) સારી કામગીરી દર્શાવે.



# ભ્રમણા


રૂ.10 એનએવી ધરાવતા મ્યુચ્યુઅલ ફંડ રૂ.25 એનએવી ધરાવતી મ્યુચ્યુઅલ ફંડ સ્કીમ કરતા બહેતર છે.


# હકીકત

આ રોકાણકારો માને છે એ સૌથી મોટી ભ્રમણા છે. હકીકત એ છે કે રોકાણ કરેલા ફંડ્સ પર પર્સન્ટેજ રીટર્ન મહત્વનું હોય છે જે ધ્યાન બહાર રહે છે અને નજર અંદાજ કરવામાં આવે છે. દાખલા તરીકે, 10% વૃદ્ધિનું સમાન કામગીરી સ્તર પૂરું પાડવા પર રૂ.10 ની એનએવી વધીને રૂ.11 થશે જ્યારે રૂ.200 એનએવી વધીને રૂ.220 થશે. આ એક સરળ સત્ય છે જે ન તો કહેવામાં આવે છે કે ન તો સાંભળવા મળે છે. હકીકતમાં, પહેલેથી જ દર્શાવેલી કામગીરીને લીધે રૂ.200 ની સ્કીમ 10% વૃદ્ધિ દર્શાવે તેની શક્યતા હાલમાં જ પોતાની ઈનિંગ્સ શરૂ કરનાર ફંડની તુલનાએ ઘણી ઉચ્ચ રહે છે.

# લાંબા ગાળાની સંભાવનાની શક્તિ

લાંબા ગાળાના રોકાણની કલ્પનાને હંમેશા સ્નૉબૉલ સાથે સરખાવવામાં આવે છે – જે જેમ જેમ દડદડતો જાય તેમ તે વૃદ્ધિ પામે છે. એ જ રીતે, રોકાણ ભલે ગમે એટલું નાનું હોય, સમય જતા તમારા નાણાં વધુ પૈસા આકર્ષે છે અને વૃદ્ધિ પામે છે. આ અસરને ચક્રવૃદ્ધિની ક્ષમતા તરીકે પણ ઓળખવામાં આવે છે. જમણી બાજુએ દૃષ્ટાંતમાં દર્શાવ્યા મુજબ 8% વ્યાજ દરે દર મહિને રોકાણ કરેલી રૂ.1000 જેટલી નાની રકમ ઘણું સારું વળતર અપાવશે. ખરેખર તો, લાંબા ગાળે નાની બચતની વૃદ્ધિ તમારી ભાવિ જરૂરિયાતોની કાળજી સારી રીતે લઈ શકે છે. નાનાં યોગદાન ઉપરાંત મહત્વની બીજી બાબત એ છે કે તમારે વાસ્તવિક હેતુઓ નિર્ધારિત કરવા જોઈએ અને તમારા રોકાણનો સર્વાધિક લાભ મેળવવા ધીરજ રાખો.






## ચક્રવૃદ્ધિની ક્ષમતા


- આ ‘‘ચક્રવૃદ્ધિની ક્ષમતા’’ ની કલ્પના સમજાવવા માટે કાલ્પનિક દૃષ્ટાંત છે, જે વ્યક્તિ દ્વારા 8% વ્યાજ દરે દર મહિને રૂ.1000 ની બચત કરવામાં આવે છે એવું અનુમાન કરે છે.
- ભૂતકાળની કામગીરી ભવિષ્યમાં જળવાય કે ન પણ જળવાય શકે છે.

કૃપા કરી વધુ કોઈપણ વિગતો માટે તમારા નજીકના મ્યુચ્યુઅલ ફંડ કાર્યાલય/ફાઈનાન્શિયલ ડિસ્ટ્રિબ્યુટર (બૅન્ક/વ્યક્તિગત ફાઈનાન્શિયલ સલાહકાર ઈત્યાદિ) નો સંપર્ક કરો.

# વહેલી શરૂઆત લાભદાયી બને છે

લાંબા સમય સુધી રોકાણ જાળવી રાખવું મહત્વનું છે પરંતુ અંતિમ વળતરમાં વધારો કરવા તમે વહેલી શરૂઆત કરો એ પણ એટલું જ મહત્વનું છે. નીચે આપેલું ઉદાહરણ વહેલા રોકાણની શરૂઆત કરવાના ફાયદા સ્પષ્ટ દર્શાવે છે – રવી અને શશી દર મહિને રૂ.2000 રોકાણ કરવાની શરૂઆત કરે છે, જેના પર 8% દ.વ. દરે માસિક ચક્રવૃદ્ધિ ધોરણે વ્યાજ મળે છે. ફરક માત્ર એટલો છે કે રવી એ 25 વર્ષની ઉંમરે રોકાણ શરૂ કર્યું છે જ્યારે શશી 35 વર્ષની ઉંમરે રોકાણની શરૂઆત કરે છે. આ બંને 5 વર્ષની મુદતમાં રૂ.1.2 લાખનું રોકાણ કરે છે અને પછી તેઓ 60 વર્ષના થાય ત્યાં સુધી તેમનું રોકાણ જાળવી રાખે છે. રવીનું રોકાણ વધીને રૂ.14,08,551 થાય છે જ્યારે શશીનું રોકાણ વધીને માત્ર રૂ.5,68,999 જેટલું જ થાય છે. આ હકીકતને વધુ પ્રબળ બનાવે છે કે – જેટલી લાંબી મુદત એટલું સારું વળતર.







• આ ‘‘ચક્રવૃદ્ધિની ક્ષમતા’’ ની કલ્પના સમજાવવા માટે કાલ્પનિક દૃષ્ટાંત છે, જે વ્યક્તિ દ્વારા 8% વ્યાજ દરે દર મહિને રૂ. 2000 ની બચત કરવામાં આવે છે એવું અનુમાન કરે છે.

# રોકાણ કરવાની રીત

જો તમને ખબર ન હોય કે ક્યાં અને કેવી રીતે રોકાણ કરવું તો આ બધું જ જ્ઞાન વ્યર્થ છે. પરંતુ એ પહેલા મહત્વની વાત એ છે કે વ્યક્તિએ કેટલું રોકાણ કરવું જોઈએ? આ પ્રશ્નનો જવાબ તમારા હેતુઓ પર આધારિત રહે છે. આગળ આપણે ચર્ચા કરી એ રીતે દરેક વ્યક્તિ જીવનમાં જુદા જુદા હેતુઓ અને જવાબદારીઓ ધરાવે છે એટલે કેટલું રોકાણ કરવું એ વ્યક્તિ દર વ્યક્તિ અલગ અલગ રહેશે. દાખલા તરીકે, 2 બાળકો ધરાવતા કપલની જવાબદારીઓ અલગ હોય છે જ્યારે એક નિવૃત્ત કપલની પ્રાથમિકતાઓ  સાથે સાકાર કરવાના રહેતા લક્ષ્ય પણ અલગ રહેવાના. એટલે 'કેટલું ખરીદવું?' એ પ્રશ્ન ઉભો ન થવો જોઈએ. પૂછવાનો રહેતો મહત્વનો પ્રશ્ન છે 'કેવી રીતે ખરીદશો?'

સૌ પ્રથમ તો દરેક વ્યક્તિએ પોતાના આર્થિક લક્ષ્યોની સ્પષ્ટતા રાખવી જરૂરી છે, જેને લક્ષ્યની યોજના પણ કહી શકાય છે, ત્યારબાદ તમારા લક્ષ્ય અને તમે લઈ શકો એ જોખમ ક્ષમતા અનુસાર મ્યુચ્યુઅલ ફંડ્સની ઓળખ કરો અને તેનું મૂલ્યાંકન કરો. તમે તે ઑનલાઈન અથવા ઑફલાઈન ખરીદી શકો છો. ઑનલાઈન ખરીદી એસેટ મેનેજમેન્ટ કંપની (એએમસી એટલે કે મ્યુચ્યુઅલ ફંડ કંપની)ની વેબસાઈટ પરથી અથવા મ્યુચ્યુઅલ ફંડ્સમાં રોકાણ કરવા ઑનલાઈન પ્લેટફોર્મ પૂરું પાડતા કોઈ ડિસ્ટ્રિબ્યુટર પાર્ટનર (દા.ત.બૅન્ક, સ્ટોક બ્રોકર્સ ઈત્યાદિ) ઈત્યાદિ મારફત કરી શકાય છે અથવા વ્યક્તિ સ્થાનિક ફાઈનાન્શિયલ ડિસ્ટ્રિબ્યુટર/એડવાઈઝરને કૉલ કરી/તેને ત્યાં જઈને પણ ખરીદી શકો છો જેની માટે તમારે ફોર્મ ભરીને સુસંગત દસ્તાવેજો સાથે રજુ કરવાનું રહેશે. ફાઈનાન્શિયલ ડિસ્ટ્રિબ્યુટર તમને આમાં મદદ કરશે. એકવાર એએમસી (મ્યુચ્યુઅલ ફંડ કંપની) તમારું ફોર્મ સ્વીકારી લે અને તમારી ચુકવણી માન્ય થઈ ગયા પછી તમે મ્યુચ્યુઅલ ફંડ્સના માધ્યમથી તમારા જીવનના લક્ષ્યોને સાકાર કરવા સક્ષમ બનો છો.





આ માત્ર દૃષ્ટાંત છે. તમારા પોર્ટફોલિયોમાં યોગ્ય રોકાણ સુમેળ સૂચવતા અનેક પ્રકારો ઉપલબ્ધ છે. યોગ્ય પોર્ટફોલિયો તૈયાર કરવા વ્યાવસાયિક ફાઈનાન્શિયલ પ્લાનરની સલાહ લો, કેમ કે આમાં ઉંમર અને પરિવારના કદ ઉપરાંત અનેક જુદા જુદા પરિબળો હોય છે.

કૃપા કરી વધુ કોઈપણ વિગતો માટે તમારા નજીકના મ્યુચ્યુઅલ ફંડ કાર્યાલય/ફાઈનાન્શિયલ ડિસ્ટ્રિબ્યુટર (બૅન્ક/વ્યક્તિગત ફાઈનાન્શિયલ સલાહકાર ઈત્યાદિ) નો સંપર્ક કરો.

# કોનો સંપર્ક કરશો

દેશ ભરમાં આશરે 1 લાખ ડાયરેક્ટલી એમ્પેનલ્ડ વિતરકો છે જેઓ મ્યુચ્યુઅલ ફંડ્સનું વેચાણ કરે છે. જો કે, મ્યુચ્યુઅલ ફંડ્સ બાબતે તમને મદદ કરી શકે એવાં લોકોની કુલ સંખ્યા અગણિત છે કેમ કે એવી અનેક બૅન્કો છે જેઓ મ્યુચ્યુઅલ ફંડ્સની વિતરક હોય. ઉપરાંત, કેટલાંક મોટાં વિતરકો જેઓ દેશ ભરમાં નિયુક્ત વિશાળ સેલ્સ ટીમ ધરાવે છે.



## ભારતમાં મ્યુચ્યુઅલ ફંડ કંપનીઓના વેબસાઈટ એડ્રેસ અને સંપર્ક નંબર

| એએમસીનું નામ | વેબસાઈટ | ટૉલ ફ્રી નંબર |
|---|---|---|
| • એઆઈજી ગ્લોબલ એસેટ મેનેજમેન્ટ કંપની (ઈન્ડિયા) પ્રા. લિ. | aiginvestments.co.in | 1800 200 3444 |
| • એક્સિસ એસેટ મેનેજમેન્ટ કંપની લિમિટેડ | axismf.com | 1800 3000 3300 |
| • બરોડા પાયોનીયર એસેટ મેનેજમેન્ટ કંપની લિ. | barodapioneer.in | 1800 419 0911 |
| • બેન્ચમાર્ક એસેટ મેનેજમેન્ટ કંપની પ્રા. લિ. | benchmarkfunds.com | 1800 22 5079 |
| • ભારતી એક્સા ઈન્વેસ્ટમેંટ મૅનેજર્સ પ્રા. લિ. | bhartiaxa-im.com | 1800 103 2263 |
| • બિરલા સન લાઈફ એસેટ મેનેજમેન્ટ કંપની લિ. | birlasunlife.com | 1800 270 7000<br>1800 22 7000 |
| • બીએનપી પરિબાસ મ્યુચ્યુઅલ ફંડ | bnpparibasmf.in | 022 33704000 |

| એએમસીનું નામ | વેબસાઈટ | ટૉલ ફ્રી નંબર |
|---|---|---|
| • કૅનેરા રોબેકો એસેટ મેનેજમેન્ટ કંપની લિ. | canararobeco.com | 1800 209 2726 |
| • દાઈવા એસેટ મેનેજમેન્ટ (ઈન્ડિયા) પ્રા. લિ. | daiwafunds.in | 1800 419 5000 |
| • ડ્યુશ એસેટ મેનેજમેન્ટ (ઈન્ડિયા) પ્રા. લિ. | dws-india.com | 1800 209 5005 |
| • ડીએસપી બ્લૅકરૉક ઈન્વેસ્ટમેંટ મૅનેજર્સ લિ. | dspblackrock.com | 1800 200 4499 |
| • એડલવાઈઝ એસેટ મેનેજમેન્ટ લિ. | edelweissmf.com | 1800 425 0090 |
| • એસ્કોર્ટ્સ એસેટ મેનેજમેન્ટ લિ. | escortsmutual.com | 011 4358 7420/ 4358 7415 |
| • એફઆઈએલ ફંડ મેનેજમેન્ટ પ્રા. લિ. | fidelity.co.in | 1800 2000 400/ 1800 180 8000 |
| • ફ્રેન્કલિન ટેમ્પલટન એસેટ મેનેજમેન્ટ (ઈન્ડિયા) પ્રા. લિ. | franklintempletonindia.com | 1800 425 4255/ 60004255 |
| • ગોલ્ડમેન સૅશ એસેટ મેનેજમેન્ટ (ઈન્ડિયા) પ્રા. લિ. | gsam.in | 022 66279032 |
| • એચડીએફસી એસેટ મેનેજમેન્ટ કંપની લિ. | hdfcfund.com | 1800 233 6767 |
| • એચએસબીસી એસેટ મેનેજમેન્ટ (ઈન્ડિયા) પ્રા. લિ. | assetmanagement.hsbc.com | 66145000 |
| • આઈસીઆઈસીઆઈ પ્રુડેન્શિયલ એસેટ મેનેજમેન્ટ કંપની લિ. | icicipruamc.com | 1800 222 999/ 1800 200 6666 |
| • આઈડીબીઆઈ એસેટ મેનેજમેન્ટ લિ. | idbimutual.co.in | 1800 22 4324 |
| • આઈડીએફસી એસેટ મેનેજમેન્ટ કંપની પ્રા. લિ. | idfcmf.com | 1800 22 6622 |
| • ઈન્ડિયા ઈન્ફોલાઈન એસેટ મેનેજમેન્ટ કંપની લિ. | iiflmf.com | 1800 200 2267 |
| • આઈએનજી ઈન્વેસ્ટમેંટ મેનેજમેન્ટ (ઈન્ડિયા) પ્રા. લિ. | ingim.co.in | 1800 22 0042 |
| • જેએમ ફાઈનાન્શિયલ એસેટ મેનેજમેન્ટ પ્રા. લિ. | jmfinancialmf.com | 1800 1038 345 |

કૃપા કરી વધુ કોઈપણ વિગતો માટે તમારા નજીકના મ્યુચ્યુઅલ ફંડ કાર્યાલય/ફાઈનાન્શિયલ ડિસ્ટ્રિબ્યુટર (બૅન્ક/વ્યક્તિગત ફાઈનાન્શિયલ સલાહકાર ઈત્યાદિ) નો સંપર્ક કરો.

| એએમસીનું નામ | વેબસાઈટ | ટૉલ ફ્રી નંબર |
|---|---|---|
| • જેપી મોર્ગન એસેટ મેનેજમેન્ટ ઈન્ડિયા પ્રા. લિ. | jpmorganmf.com | 1800 22 5763 |
| • કોટક મહિન્દ્રા એસેટ મેનેજમેન્ટ કંપની લિ. | kotakmutual.com | 1800 22 2626 |
| • એલઆઈસી મ્યુચ્યુઅલ ફંડ એસેટ મેનેજમેન્ટ કંપની લિ. | licnomuramf.com | 022 220 42450 |
| • એલ ઍન્ડ ટી ઈન્વેસ્ટમેંટ મેનેજમેન્ટ લિમિટેડ | lntmf.com | 1800 209 6565 |
| • મિરાઈ એસેટ ગ્લોબલ ઈન્વેસ્ટમેંટ મેનેજમેન્ટ (ઈન્ડિયા) પ્રા. લિ. | miraeassetmf.co.in | 1800 1020 777 |
| • મોર્ગન સ્ટેનલી ઈન્વેસ્ટમેંટ મેનેજમેન્ટ પ્રા. લિ. | morganstanley.com | 1800 425 1313 |
| • મોતીલાલ ઓસવાલ એસેટ મેનેજમેન્ટ કંપની લિ. | motilaloswal.com | 1800 200 6626 |
| • પીઅરલેસ ફંડ્સ મેનેજમેન્ટ કંપની લિ. | peerlessmf.co.in | 1800 200 9995 |
| • પ્રામેરિકા એસેટ મૅનેજર્સ પ્રા. લિ. | pramericamf.com | 1800 266 2667 |
| • પ્રિન્સિપલ પીએનબી એસેટ મેનેજમેન્ટ કંપની પ્રા. લિ. | principalindia.com | 1800 425 5600 |
| • ક્વૉન્ટમ એસેટ મેનેજમેન્ટ કંપની પ્રા. લિ. | quantumamc.com | 1800 22 3863 |
| • રિલાયંસ કૅપિટલ એસેટ મેનેજમેન્ટ લિ. | reliancemutual.com | 1800 300 11111 |
| • રૅલિગેર એસેટ મેનેજમેન્ટ કંપની પ્રા. લિ. | religaremf.com | 1800 209 0007 |
| • સહારા એસેટ મેનેજમેન્ટ કંપની પ્રા. લિ. | saharamutual.com | 022 67520121/27 |
| • એસબીઆઈ ફંડ્સ મેનેજમેન્ટ પ્રા. લિ. | sbimf.com | 1800 425 5425 |
| • સુંદરમ બીએનપી પરિબાસ એસેટ મેનેજમેન્ટ કંપની લિ. | sundarammutual.com | 1800 425 7237 |



| એએમસીનું નામ | વેબસાઈટ | ટૉલ ફ્રી નંબર |
| --- | --- | --- |
| • ટાટા એસેટ મેનેજમેન્ટ લિ. | tatamutualfund.com | 1800 209 0101 |
| • ટોરસ એસેટ મેનેજમેન્ટ કંપની લિ. | taurusmutualfund.com | 022 66242700 |
| • યુનિયન કેબીસી એસેટ મેનેજમેન્ટ કંપની પ્રા. લિ. | unionkbc.com | 1800 200 2267 |
| • યુટીઆઈ એસેટ મેનેજમેન્ટ કંપની લિ. | utimf.com | 1800 22 1230 |

કૃપા કરી વધુ કોઈપણ વિગતો માટે તમારા નજીકના મ્યુચ્યુઅલ ફંડ કાર્યાલય/ફાઈનાન્શિયલ ડિસ્ટ્રિબ્યુટર (બૅન્ક/વ્યક્તિગત ફાઈનાન્શિયલ સલાહકાર ઈત્યાદિ) નો સંપર્ક કરો.

આર્થિક હેતુઓ

▼

ઓળખ 'શું ખરીદશો'

▼

વિવિધ મ્યુચ્યુઅલ ફંડ કંપનીઓ માંથી
ફંડ્સનું મૂલ્યાંકન કરો

▼

ઑનલાઈન | ઑફલાઈન

▼

મ્યુચ્યુઅલ ફંડ કંપની | ફાઈનાન્શિયલ ડિસ્ટ્રીબ્યુટર

▼

ફોર્મ ભરો


▼

સુસંગત દસ્તાવેજો સાથે જોડો

▼

રજુ કરી દો





# ભ્રમણા

મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ કરવા તમારી પાસે ડીમેટ અકાઉન્ટ હોવું જરૂરી છે.

# હકીકત

મ્યુચ્યુઅલ ફંડ્સ ઑનલાઈન, એએમસી (મ્યુચ્યુઅલ ફંડ કંપની) પાસેથી પ્રત્યક્ષ ખરીદી શકાય છે અથવા તો બ્રોકર પાસેથી ખરીદી શકાય છે; જોકે, તમે ફિઝિકલ ફોર્મ ભરીને ઑફલાઈન પણ રોકાણ કરી શકો છો. તમે નજીકના વિતરક ભાગીદારનો પણ સંપર્ક કરી શકો છો, જે કોઈ બૅન્ક, વ્યક્તિગત આર્થિક સલાહકાર અથવા સ્ટોક બ્રોકર પણ હોઈ શકે છે જેઓ મ્યુચ્યુઅલ ફંડ્સનું વેચાણ કરતા હોય. જો વ્યક્તિ ડીમેટ અકાઉન્ટ ધરાવતી હોય તો તેઓ/તેણી ડીમેટ ફોર્મેટમાં મ્યુચ્યુઅલ ફંડ્સ ખરીદી શકે છે અન્યથા તેઓ ફોર્મ ભરીને ઑફલાઈન પણ તે ખરીદી શકે છે.

# તમે રોકાણ કરો પછી

એકવાર તમે મ્યુચ્યુઅલ ફંડ ખરીદી લો પછી તમે સ્ટેટમેંટ મેળવશો જેમાં તમારી વ્યક્તિગત વિગતો, રોકાણ કરેલી રકમ, હાલની એનએવી ઈત્યાદિ જેવી વિગતો આપવામાં આવે છે. આ સ્ટેટમેંટ અકાઉન્ટ સ્ટેટમેંટ તરીકે ઓળખાય છે. તમે રોકાણ કર્યાના થોડાં દિવસો પછી તમે માત્ર અકાઉન્ટ સ્ટેટમેંટ જ નહીં મેળવો પરંતુ નિયમિત ધોરણે અપડેટેડ અકાઉન્ટ સ્ટેટમેંટ્સ પણ મેળવશો. આ રીતે, મ્યુચ્યુઅલ ફંડ હાઉસ તમારા રોકાણ વિશે તમને માહિતગાર રાખે છે.

હવે આપણે મ્યુચ્યુઅલ ફંડ્સ શું છે અને તેમાં શા માટે અને કેવી રીતે રોકાણ કરવું જોઈએ એ જોયા અને સમજ્યા પછી સૌથી મહત્વની બાબત જેની આપણે ચર્ચા કરી રહ્યા હતા એ કે રોકાણ ત્યારે જ અર્થપૂર્ણ બને છે જ્યારે તમને નાણાંની 'આવશ્યકતા' હોય ત્યારે તમે તેનો ઉપયોગ કરી શકો. એટલે, તમને 'આવશ્યકતા' હોય ત્યારે તમારા પૈસા પાછા કઈ રીતે મેળવશો એ સમજવું આનાથી પણ વધુ મહત્વનું છે.

આ ખૂબ જ સરળ છે, તમારે બસ એક ફોર્મમાં સહી કરવાની રહે છે અને આ ફોર્મ એએમસી (મ્યુચ્યુઅલ ફંડ કંપની) માં રજુ કરવામાં આવે એ ખાતરી કરવાની રહે છે. હવે, તમને પ્રશ્ન થશે કે આ કેવી રીતે કરી શકાય? આવો, આ વિશે આપણે વિગતવાર ચર્ચા સાથે સમજીએ.

**પૈસા ઉપાડવા અરજી કરવાની પ્રક્રિયા રીડમ્પશન તરીકે ઓળખાય છે. રીડમ્પશન ફોર્મ ઑનલાઈન અથવા ઑફલાઈન પણ મેળવી શકાય છે. ઑનલાઈન તે એએમસીની વેબસાઈટ પરથી મેળવી શકાય છે અથવા તમે એએમસીની શાખા કાર્યાલય અથવા ફાઈનાન્શિયલ ડિસ્ટ્રિબ્યુટર (અગાઉ આપેલી યાદી પ્રમાણે જ) પાસેથી ફિઝિકલ ફોર્મ પણ મેળવી શકો છો. એટલું જ નહીં, તમે મેળવો એ દરેક અકાઉન્ટ સ્ટેટમેંટમાં પણ કાગળના અંતમાં રીડમ્પશન ફોર્મ આપેલું હોય છે. તમારે આ ફોર્મ ભરીને સહી કરીને રજુ કરવાનું રહે છે. સ્કીમ દ્વારા નિર્દિષ્ટ દિવસોમાં પૈસા તમારા બૅન્ક અકાઉન્ટમાં જમા થઈ જશે, જોકે, આ માટે લાગતો સમય ફોર્મ રજુ કર્યા પછી 3 દિવસથી વધુ નહીં હોય.**

**કોમન ટ્રાન્ઝેક્શન સ્લિપ**
(મ્યુચ્યુઅલ ફંડ કંપનીની વેબસાઈટ પરથી ડાઉનલોડ કરો અથવા બ્રાન્ચ અથવા ફાઈનાન્શિયલ ડિસ્ટ્રીબ્યુટર પાસેથી મેળવી લો)

▼

**રીડમ્પશન પસંદ કરો**

▼

**સુસંગત વિગતો ભરો**
(તમે આંશિક રીડમ્પશન પણ કરી શકો છો)

▼

**ફોર્મમાં સહી કરો**
(યુનિટ્સના બધાં જ અરજદારોએ સહી કરવાની રહેશે)

▼

**રજુ કરો**
(ફોર્મ જે તે મ્યુચ્યુઅલ ફંડ કંપનીની શાખામાં રજુ કરી દો)

▼

**પૈસા તમારા બૅન્ક ખાતામાં**
(સ્કીમ નિર્દિષ્ટ ટર્નઅરાઉન્ટ ટાઈમની અંદર પૈસા તમારા ખાતામાં જમા થઈ જાય છે)

કૃપા કરી વધુ કોઈપણ વિગતો માટે તમારા નજીકના મ્યુચ્યુઅલ ફંડ કાર્યાલય/ફાઈનાન્શિયલ ડિસ્ટ્રિબ્યુટર (બૅન્ક/વ્યક્તિગત ફાઈનાન્શિયલ સલાહકાર ઈત્યાદિ) નો સંપર્ક કરો.



હવે મને વિશ્વાસ છે કે તમે સુરેશ જેવી ભૂલ નહીં કરો. જાગૃકતા સાથે તમે ફાઈનાન્શિયલ માર્કેટ્સ અને મ્યુચ્યુઅલ ફંડ્સ વિશે વધુ સકારાત્મક વિચારો ધરાવશો. અંતમાં, સારાંશ રજુ કરતા તમારે તમારા હેતુઓ સ્પષ્ટ કરવા જરૂરી છે અને પછી રોકાણના માધ્યમ વિશે નિર્ણય કરવો જોઈએ. તમારા હેતુઓ અને જરૂરિયાતો અનુસાર યોગ્ય મ્યુચ્યુઅલ ફંડ પસંદ કરો અને રોકાણ કરો, બાકી બધું મ્યુચ્યુઅલ ફંડ કંપની પર છોડી દો.

કૃપા કરી વધુ કોઈપણ વિગતો માટે તમારા નજીકના મ્યુચ્યુઅલ ફંડ કાર્યાલય/ફાઈનાન્શિયલ ડિસ્ટ્રિબ્યુટર (બૅન્ક/વ્યક્તિગત ફાઈનાન્શિયલ સલાહકાર ઈત્યાદિ) નો સંપર્ક કરો.

**એસોસિએશન ઑફ મ્યુચ્યુઅલ ફંડ્સ ઈન ઈન્ડિયા**
નમન કોર્પોરેટ લિંક, વિંગ સી, યુનિટ નંબર 701,
પ્લોટ નંબર સી-31/સી-32, જી બ્લોક,
બાંદ્રા કુર્લા કોમ્પ્લેક્સ,
બાંદ્રા – પૂર્વ, મુંબઈ – 400 051.
અહીં મુલાકાત કરો : www.amfiindia.com